સંક્ષિપ્ત સમાચાર

વાલોડમાં પશુઓનાં વેચાણના પુરાવા ન મળતાં પશુપાલક સામે કાર્યવાહી



વાલોડ: વાલોડ ખાતે રુબી પાપડ નજીક રહેતા સેફઅલી હબીબઅલી મીરઝા પશુ લે-વેચનો વ્યવસાય કરે છે. તેમના ઘર નજીક જ તેમનો તબેલો આવ્યો છે. સેફઅલી મીરઝાએ અલગ અલગ ઈસમ સૂરજભાઈ પાસેથી 26 પાડિયા, આકાશભાઈ પાસેથી 16 પાડિયા તેમજ જીતુભાઇ પાસેથી 4 પાડિયા મળી કુલ 46 પાડિયાની ખરીદી કરી હતી અને તેમના તબેલામાં વેચાણ કરવા માટે બાંધ્યા હતા. પરંતુ સેફઅલી મીરઝા પાસે પશુઓના વેચાણ અંગે પોલીસે જરૂરી પાસ પરમિટ માંગતા મળી આવ્યા ન હતા. જેથી વાલોડ પોલીસે 46 પાડિયા કિં.રૂ.32,200નો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

કામરેજની રામકબીર શાળા વિજ્ઞાન મેળામાં પ્રથમ ક્રમે



વિશાલ પટેલ

કામરેજ: શાળા વિકાસ સંકુલ 11 (એસ.વી.એસ.) કામરેજ અને પલસાણા તાલુકાનું વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ટકાઉ અને વિકસિત ભારત માટે વિજ્ઞાન-ટેક્નોલોજી અને ઇનોવેશન થિમ પર નવ નિધિ હાઇસ્કૂલ ખોલવડ ખાતે યોજાયું હતું. જેમાં વિભાગ - બે ,હરિત ઉર્જા અને પર્યાવરણ રક્ષણ વિષય પર કાર્યરત મોડેલ રજૂ કર્યું હતું. જે કૃતિ વિજ્ઞાન મેળાના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું બાળ વૈજ્ઞાનિક તરીકે પટેલ યશ્વી વિજયભાઈ અને નમસ્વી જયપાલ ઉમરીયાને માર્ગદર્શક શિક્ષક તરીકે ડેલ્સીબેન પટેલ તથા વિજ્ઞાન શિક્ષકોની ટીમ કમલેશભાઈ પટેલ ,ઘનશ્યામભાઈ ,ભાવિકાબેન , સાધના બેને ખૂબ જ સરસ માર્ગદર્શન સહ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. કાર્યરત કૃતિને પ્રથમ નંબર નિર્ણાયકોની ટીમ દ્વારા આપવામાં આવ્યો હતો.જે આગામી દિવસોમાં જિલ્લા કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે.આ ઝળહળતી સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ ભક્ત ,માનદ મંત્રી પરેશ ભક્ત ,ખજાનચી જીગ્નેશ ભક્તે શાળાના આચાર્ય શૈલેષ દેસાઈ,માધ્યમિક વિભાગના નિરીક્ષક કમલેશ પટેલ, ઉચ્ચતર માધ્યમિક વિભાગના નિરીક્ષક કેતન દેસાઈ,માર્ગદર્શક ટીમ તેમજ બાળ વૈજ્ઞાનિકોનેઅભિનંદન સહ જિલ્લા કક્ષા માટે શુભેચ્છા પાઠવી હતી.

વ્યારાના ટીચકપુરા પાસે ટ્રકે બાઈકને અડફેટે લેતાં એકનું મોત

વ્યારા: વ્યારાના ટીચકપુરા પાસે ટ્રકની અડફટે આવતાં બાઈક ચાલકને ગંભીર ઈજા પહોંચી હતી. જ્યારે બાઈક પર સવાર શખ્સનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ ગત તા.29-9-2026ના રોજ સાંજે ટીચકપુરામાં નેશનલ હાઈવે નં.53 પર બાઈક નં.(GJ 19 SC 6586)ને ટ્રક નં.(KA 56 6436)ના ચાલકે ટક્કર મારતાં બાઈક ચાલકને ગંભીર ઈજા પહોંચી હતી. જ્યારે જ્યારે બાઈક પાછળ બેસેલા ભાવિકભાઈ ભરતભાઈ ભગત પર ટ્રકનું પાછલું વ્હીલ ફરી વળતાં ભાવિકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ઈજાગ્રસ્ત બાઈક ચાલક કેતન શશીકાંત ભંડારી (રહે.,ગાયત્રીનગર સોસાયટી, ઘર નં.14, આર.ટી.ઓ. રોડ, તા.બારડોલી)ને વ્યારા રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યાં પોલીસે નિવેદન લઈ અકસ્માત કરનાર ટ્રકના અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મુસામાં સાડા પાંચ વર્ષની દીપડી પાંજરે પુરાઈ



વ્યારા: વ્યારાના મુસા ગામે આવેલા કૃષિ ફાર્મ નજીક ગોઠવેલા પાંજરામાં આશરે સાડા પાંચ વર્ષની દીપડી સુરક્ષિત રીતે કેદ થઈ ગઈ હતી. જેને પગલે સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો હતો. વન વિભાગના રાઉન્ડ ફોરેસ્ટર અને તેમની ટીમે પાંજરે પુરાયેલી દીપડીનો કબજો મેળવી તેને માનવ વસાહતથી દૂર સુરક્ષિત જંગલ વિસ્તારમાં મુક્ત કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

તાડકૂવા ગામને વ્યારા નગરપાલિકામાં ન સમાવવા કલેક્ટરને રજૂઆત

વ્યારા: વ્યારાનાના તાડકૂવા ગામમાં ગ્રામજનોએ રૂઢિગત ગ્રામસભા યોજી પોતાના ગામને વ્યારા નગર પાલિકા હદ વિસ્તારમાં ન સમાવવા બહુમતીથી ઠરાવ પસાર કરી રાજ્યપાલને સંબોધીને તાપી કલેક્ટરને રજૂઆત કરી હતી, જેમાં આદિવાસી સાંસ્કૃતિક ઓળખ, સ્થાનિક રૂઢી-રિવાજ અને સામુદાયિક હિતોના રક્ષણ માટે તાડકૂવા ગામને વ્યારા નગરપાલિકામાં સમાવેશ ન કરવા માટે રજૂઆત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગામના આગેવાન હિરેન ગામીતના અધ્યક્ષ સ્થાને ગત 9મી ઓગસ્ટે રૂઢિગત ગ્રામસભા યોજવામાં આવી હતી. જે દરમિયાન તાડકૂવા ગામમાં આદિવાસીઓનાં હિતોને ધ્યાનમાં રાખીને ઠરાવ પસાર કરાયો હતો. અને ગામમાં પાંચમી અનુસૂચિ પેસા એક્ટ-1996ની જોગવાઈઓનું સંપૂર્ણપણે પાલન કરવા સહિત ગ્રામસભા દ્વારા કરવામાં આવેલા ઠરાવોને અવગણીને તાડકૂવા ગામને વ્યારા નગરપાલિકામાં સમાવેશ કરવા મામલે કોઈપણ પ્રકારની કાર્યવાહી ન કરવા અને ગામની ઐતિહાસિક ગ્રામસભા, સ્થાનિક પરંપરા તેમજ બંધારણીય જોગવાઈઓને સત્તાવાર રેકર્ડ પર લેવા માટેના ઠરાવ કરવામાં આવ્યા હતા.

કામરેજ પીઆઈ રામ ગોજીયાની સિદ્ધિ



વિશાલ પટેલ

કામરેજ: હિમતનગર ખાતે યોજાયેલી 'ડીજીપી કપ ૨૦૨૬' ઓલ ગુજરાત પોલીસ સાઇકલ સ્પર્ધામાં રાજ્યની ૨૨ ટીમના ૪૫૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં કામરેજ પોલીસ સ્ટેશનના પીઆઈ રામ ગોજીયાએ અદભૂત ક્ષમતા દર્શાવી ૪૦ કિલોમીટરની રેસ માત્ર ૫૯ મિનિટમાં પૂર્ણ કરી હતી. કાયદો અને વ્યવસ્થાની સાથે ખેલકૂદ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરી સમગ્ર રાજ્યમાં પાંચમું સ્થાન મેળવી તેમણે સુરત જિલ્લા અને પોલીસ વિભાગનું ગૌરવ વધાર્યું છે.

ચલથાણ ઓવરબ્રિજ ઉપર ટ્રેલર પલટી જતાં 10 કિ.મી. ટ્રાફિકજામ

મશીનરી રોડ પર ફેલાઈ જતાં ટ્રાફિકજામ, સદનસીબે જાનહાનિ ટળી



ઈલ્યાસ શેખ

પલસાણા: ચલથાણ ઓવરબ્રિજ પર બુધવારે એક ટ્રેલર અકસ્માતગ્રસ્ત થતાં માર્ગ પર ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો. ટ્રેલરમાં ભરેલી મશીનરી રોડ પર ફેલાઈ જતાં વાહનવ્યવહારને અસર પહોંચી હતી અને હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી હતી.

મળતી માહિતી મુજબ ચલથાણ ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહેલું મશીનરી ભરેલું ટ્રેલર અકસ્માતનો ભોગ બન્યું હતું. અકસ્માત બાદ ટ્રેલરમાં રહેલી મશીનરી રસ્તા પર ફેલાઈ ગઈ હતી. જેના કારણે બ્રિજ પર વાહનવ્યવહાર અવરોધાયો હતો. ઘટનાને પગલે થોડા જ સમયમાં બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. ટ્રાફિકજામને કારણે 10 કિલોમીટરથી વધુ લાંબી કતાર લાગી ગઈ હતી. હાઈવે પર વાહનોની ગતિ ધીમી પડી જતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ થતાં સંબંધિત તંત્ર અને પોલીસની ટીમો સ્થળ પર પહોંચી હતી અને રસ્તા પર પડેલી મશીનરી હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. જોકે, ટ્રેલર અકસ્માતનું ચોક્કસ કારણ શું હતું તે અંગે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. મશીનરી હટાવી માર્ગ ખુલ્લો કરવાની કામગીરી બાદ ધીમે ધીમે વાહનવ્યવહાર સામાન્ય બન્યો હતો.

અંકલેશ્વર-હાંસોટ સ્ટેટ હાઈવે પર ભારે ટ્રાફિકજામ



સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વર-હાંસોટ સ્ટેટ હાઈવે પર કડકિયા કોલેજ નજીક માર્ગના સમારકામની કામગીરી ચાલી રહી હોવાથી ભારે ટ્રાફિકજામની પરિસ્થિતિ સર્જાઈ રહી છે. માર્ગ પર રોજિંદા ધોરણે ટ્રાફિકજામ થતા વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

કડકિયા કોલેજ નજીક તંત્ર દ્વારા આશરે 500 મીટરના રોડનું કોન્ટ્રાક્ટ હેઠળ સમારકામ કરવામાં આવી રહ્યું છે. જોકે, કામગીરી ધીમી ગતિએ ચાલી રહી હોવાના આક્ષેપો વચ્ચે માર્ગ પરથી પસાર થતા વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે. ટ્રાફિકજામને કારણે સ્થાનિક વાહનચાલકો તેમજ હાઈવે પરથી પસાર થતા મુસાફરોમાં મુશ્કેલી વધી રહી છે. કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવે તેવી માંગ ઊઠી રહી છે.

કડોદના યુવાનને ફોનમાં સતત OTP મોકલી એક લાખથી વધુની ઉઠાંતરી

સાયબર ભેજાબાજોનો નવો કીમિયો



બારડોલી: સાયબર ક્રાઈમના બનાવો સતત વધી રહ્યા છે, ત્યારે બારડોલીના કડોદ ગામમાં સાયબર ફ્રોડનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કડોદ ગામના દેસાઈ ફળિયામાં રહેતા અને જે.સી. બી. રિપેરિંગનું કામ કરતા 30 વર્ષીય ઉમેશભાઈ મહેન્દ્રભાઈ ભોઇ ઓનલાઈન ગઠિયાઓનો શિકાર બન્યા છે. અજાણ્યા ભેજાબાજોએ તેમના મોબાઈલ પર સતત ઓટીપી અને સ્પામ કોલ મોકલી ફોનનો એક્સેસ મેળવી લીધો હતો અને તેમનાં બે અલગ અલગ બેંક ખાતામાંથી કુલ રૂ.૧,૦૦,૯૭૮ની છેતરપિંડી આચરી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર ગત તા.૧૬ સપ્ટેમ્બરે ઉમેશભાઈ બારડોલી ખાતે કામ અર્થે ગયા હતા. ત્યારે બપોરના સમયે તેમના મોબાઈલમાં એક સતત ઓટીપીના ટેક્સ મેસેજ અને અલગ અલગ કંપનીના સ્પામ કોલ આવવા લાગ્યા હતા. તેમણે આ કોલ ઉપાડ્યા ન હતા અને બીજા દિવસે પણ આ સિલસિલો ચાલુ રહેતાં તેમને હેરાનગતિ જણાતાં સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફોન કરી ફરિયાદ નોંધાવી હતી. જોકે, તારીખ ૧૭ સપ્ટેમ્બરની રાત્રે જ્યારે તેમણે તેમની પોસ્ટ ઈન્ડિયાની મોબાઈલ એપ ચેક કરી ત્યારે તેમને જાણવા મળ્યું હતું કે તેમના પોસ્ટ ઈન્ડિયાના ખાતામાંથી રૂ.૮૧,૧૪૦ અને ત્યારબાદ બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂ.૧૯,૮૩૮ મળી કુલ રૂ.૧,૦૦,૯૭૮ની રકમ ઉપાડી લેવામાં આવી છે. આ ઘટના અંગે ભોગ બનનાર યુવાને શરૂઆતમાં ઓનલાઈન સાયબર ક્રાઈમ પોર્ટલ પર અરજી કરી હતી. પરંતુ લાંબા સમય સુધી નાણાં પરત ન મળતાં અંતે તેમણે તા.૨૯ સપ્ટેમ્બરના રોજ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમ વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર પ્રદ્યુમનસિંહ નટુભા જાડેજા ચલાવી રહ્યા છે.

SMCનો સપાટો: કરાળા ગામે કારમાંથી 13 લાખનો દારૂ ઝડપાયો

વિદેશી દારૂ અને મુદ્દામાલ સાથે એકની ધરપકડ, પાંચ વોન્ટેડ

પલસાણા: કડોદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા પલસાણાના કરાળા ગામ પાસેથી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ગેરકાયદે વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે રૂ.૧૩,૩૮,૮૦૫ની કિંમતનો દારૂ અને કેટા કાર સહિત કુલ રૂ.૨૩,૪૮,૮૦૫નો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી છે. આ કેસમાં અન્ય પાંચ જેટલા આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

SMCના પોલીસ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ ચૌહાણ અને તેમની ટીમને બાતમી મળી હતી કે, એક સફેદ કલરની કેટા કાર નં.(GJ 15 CF 5649)માં વિદેશી દારૂનો જથ્થો ચલથાણ-ડિંડોલી કેનાલ રોડ પરથી પસાર થવાનો છે. આ બાતમીના આધારે ૨૯ સપ્ટેમ્બરના રોજ કરાળા ગામની સરકારી શાળા પાસે પોલીસે વોચ ગોઠવી હતી. પોલીસે પીછો કરી કેટા કારને રોકીને તપાસ કરતાં તેમાંથી અલગ અલગ બ્રાન્ડના દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. કારમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો અને બિયરનાં ટીન મળીને કુલ ૩૬૯૪ નંગ ઝડપાયા છે. આ દારૂના જથ્થાની કુલ કિંમત રૂ.૧૩,૩૮,૮૦૫ આંકવામાં આવી છે. આ ઉપરાંત રૂ. ૧૦,૦૦,૦૦૦ની કિંમતની કેટા કાર, રૂ.૧૦,૦૦૦નો એક મોબાઈલ ફોન અને ફાસ્ટેગ મળી કુલ રૂ.૨૩,૪૮,૮૦૫નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે અને આ સમગ્ર મામલે કડોદરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે ઘટના સ્થળેથી કેટા કાર ચલાવતા વિકાસ ધનજી પરમાર (ઉં.વ.૩૧) (રહે.,પુણાગામ, સુરત)ની ધરપકડ કરી છે. પૂછપરછમાં તેણે કબૂલાત કરી હતી કે વોન્ટેડ આરોપી રાજુ મરાઠી (રહે.,ડિંડોલી)એ તેને દારૂની ગાડી ચલાવવા માટે બોલાવ્યો હતો. દમણના રહેવાસી ઉમેશ મેડી પાસેથી આ દારૂ મંગાવવામાં આવ્યો હતો અને રાજુ મરાઠી પોતાની સફેદ રંગની રીટ્ઝ કારમાં પાયલોટિંગ કરી રહ્યો હતો. આ કેસમાં પોલીસે ફરાર રાજુ મરાઠી, ઉમેશ મેડી (દમણ), દારૂ ભરેલી કાર આપી જનાર ડ્રાઈવર, અન્ય એક અજાણ્યો શખ્સ અને કેટા કારના માલિકને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઓલપાડની સનલેક રેસિડેન્સીમાં મારામારીની સામસામે ફરિયાદ

સાયણ: ઓલપાડની સનલેક રેસિડેન્સીમાં મારામારીનો બનાવ પ્રકાશમાં આવ્યો હતો. આ બનાવમાં સામસામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ઓલપાડના સનલેક રેસિડેન્સી ખાતે તા.૨૭/૯/૨૦૨૬ના રોજ સાંજે ૪થી ૪:૩૦ વાગ્યાના અરસામાં થયેલા મારામારીના બનાવમાં બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધાવતાં પોલીસે બે અલગ-અલગ એફઆઈઆર નોંધી છે.

પ્રથમ ફરિયાદ મુજબ ફરિયાદી અમિતભાઈ સોલંકી (ઉં.વ.૩૯) તેમની સામે રહેતા મહિલાના ભાઈ ચિરાગ અને અન્ય ૩ અજાણ્યા ઈસમે તેમના ઘરે આવી જૂની અદાવત રાખી ગાળાગાળી કરી ઈંટના ઘા અને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત અમિતને ઓલપાડ સીએચસી બાદ નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા. ઘટના બાબતે પોલીસે ગુનો નોંધ્યો છે. બીજી ફરિયાદ મુજબ સામા પક્ષે રીપલબેન સોલંકી (ઉં.વ.૩૨)એ ફરિયાદ નોંધાવી છે કે, અમિત સોલંકી સાથે અગાઉ સંબંધ હતો, પરંતુ હાલ કોઈ સંબંધ ન હોવા છતાં તે અવારનવાર વાત કરવા દબાણ કરે છે અને તા.૨૭ મીના રોજ ગાળાગાળી કરી ધમકી આપી હતી. પોલીસે ફરિયાદ મુજબ ગુનો નોંધ્યો છે. આ ઘટનાની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ ગોહિલ કરી રહ્યા છે.

ગોદાવાડી દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ૫૧મી વાર્ષિક સભા મળી

પશુપાલકોને ૩.૭.૫૦ કરોડથી વધુનું ચૂકવણું કરાયું



માંડવી: માંડવી તાલુકામાં કાર્યરત 'ધી ગોદાવાડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.'ની ૫૧મી વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં ઉત્સાહભેર સંપન્ન થઈ હતી. મંડળીએ સફળતાપૂર્વક ૫૦ વર્ષ પૂર્ણ કરી ૫૧મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે, જે સમગ્ર ગામ અને પશુપાલકો માટે એક ગૌરવપૂર્ણ સિદ્ધિ છે. આ પ્રસંગે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (તા.૧-૪-૨૦૨૫થી તા.૩૧-૩-૨૦૨૬)નો વાર્ષિક અહેવાલ અને હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા.

મંડળીના પ્રમુખ દિનેશભાઈ મનહરભાઈ પટેલે જણાવ્યું હતું કે, મંડળી સતત પ્રગતિના પંથે અગ્રેસર છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન મંડળીમાં કુલ ૯,૩૩,૩૯૩.૮ લિટર દૂધની જંગી આવક નોંધાઈ હતી. આ દૂધની આવક સામે મંડળી દ્વારા સભાસદ પશુપાલકોને કુલ રૂ. ૭,૫૦,૬૧,૪૩૮.૨૭ (સાડા સાત કરોડથી વધુ) ની માતબર રકમ ચૂકવવામાં આવી છે. વર્ષના અંતે મંડળીનું ભરપાઈ થયેલું શેર ભંડોળ રૂ.૪૪,૧૦૦ છે, જ્યારે રિઝર્વ ફંડ રૂ.૭,૪૯,૯૯૦.૩૧ અને મકાન ફંડ રૂ.૧૨,૯૩,૫૯૦.૪૦ જેટલું નોંધાયું છે. વર્ષભરની આ શ્રેષ્ઠ કામગીરી અને સભાના આયોજનમાં મંડળીના ઉપપ્રમુખ ગણપતભાઈ આર. પટેલ, મંત્રી જીગ્નેશભાઈ ગણપતભાઈ પટેલ તેમજ સમગ્ર વ્યવસ્થાપક સમિતિ અને કર્મચારીગણનો સક્રિય સહયોગ સાંપડ્યો હતો.

પલસાણામાં અકસ્માતમાં યુવાનનું મોત થતાં હાઈકોર્ટના આદેશ બાદ ગુનો દાખલ

પલસાણા: પલસાણા પોલીસ મથક વિસ્તારમાં ગત ૫ જૂન-૨૦૨૬ના રોજ ક્રેન અને કે.ટી. એમ. બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં મૂળ મહારાષ્ટ્રના અને ફ્લિપકાર્ટમાં નોકરી કરતા અલ્પેશ વંકરભાઈ ગાવિત (ઉં.વ.૨૬)નું મોત થયું હતું, જ્યારે મિત્ર અલ્પેશ જાલમસિંગ ગાવિત ઈજાગ્રસ્ત થયો હતો. સારવાર દરમિયાન યુવાનનું મોત થતાં કાનૂની જાણકારીના અભાવે પરિવારે પોસ્ટમોર્ટમ કરાવ્યા વિના જ અંતિમ સંસ્કાર કરી દીધાં હતાં. બાદમાં પરિવારે ગુજરાત હાઈકોર્ટમાં રીટ દાખલ કરતાં હાઈકોર્ટના નિર્દેશના આધારે છેક ૨૯ સપ્ટેમ્બરે પલસાણા પોલીસે ક્રેન નં.(GJ-19-AH-1440)ના અજાણ્યા ચાલક સામે વિધિવત ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



